# સન્નારી



# દિવાળીના રીતરિવાજોનું પાલન સંબંધોની દોર કેટલી કરે મજબૂત...?

કહેવાય છે કે 14 વર્ષના વનવાસ બાદ શ્રી રામ અયોધ્યા પાછા ફર્યા ત્યારે અયોધ્યાવાસીઓએ દીપોત્સવ ઉજવ્યો હતો ત્યારથી દીપોત્સવ દિવાળી ઉજવાય છે. પહેલાંના સમયમાં સયુંકત કુટુંબો હતાં એટલે દિવાળી પર્વ પર અલગ અલગ રિવાજોની પરંપરાનું અનુસરણ કરાતું. કાળી ચૌદસ પર મેશ જાતે પાડી તે બાળકોની આંખમાં આખું વર્ષ આંજવામાં આવતી. જો કે પછી ડૉક્ટર કહેવા લાગ્યા કે બાળકોનત આંખમાં કાજલ નહીં લગાવવાનું હોય ત્યારથી આ રિવાજ હાંસિયામાં ધકેલાતો ગયો પણ હજી પણ કેટલાક પરિવારો આ રિવાજનું પાલન કરે છે. કાળી ચૌદસ પર જ ચાર રસ્તા પર જૂનું માટલું, ઝાડુ અને વડાં મુકાતાં. તેને કોઇ અંધશ્રદ્ધા ગણે છે તો કોઈ ઘરનો કંકાસ આ રીતે બહાર કરાતો હોવાનું ગણે છે. ધનતેરસ પર અચૂક સોનુંચાંદી ખરીદવાનો રિવાજ છે. હવે તો સોનુંચાંદી મોંઘું થઈ ગયું છે એવી સ્થિતિમાં હજી પણ ધનતેરસ પર સોનુંચાંદી ખરીદવું કેટલું જરૂરી છે? ભાઈબીજ પર બહેને રંગોળી નહીં કરવાની હોય એવી માન્યતા પ્રવર્તતી હતી. હવે લોકો આધુનિક બન્યા છે અને પરિવારો પણ વિભક્ત થયા છે તો એવા સંજોગોમાં કેટલાં રીતરિવાજો ફોલો થાય છે? બીજા ઘણા રિવાજો દિવાળી સાથે જોડાયા છે તે કયા ક્યા છે, શું તેનું અનુસરણ આખું પરિવાર સાથે એકત્રિત થઈને કરે છે, આનાથી સ્વજનોમાં નિકટતા વધે છે? આ બધાં વિશે આપણે કેટલાક સુરતીઓના મંતવ્ય જાણીએ અને તેઓ કયા રીતરિવાજને ફોલો કરે છે તે પણ જાણીએ...



## ચાંદીના સિક્કામાં ચંદ્રનું પ્રતિબિંબ જોઈએ, તે સિક્કાની ધનતેરસ પર પૂજા થાય: કીર્તિ બારડોલીવાળા



ભટાર વિસ્તારમાં રહેતાં 42 વર્ષીય કીર્તિબેન બારડોલીવાળા વ્યવસાયે એડવોકેટ છે. તેમણે જણાવ્યું કે, ''અમે દિવાળીને લઈને જૂના સમયથી ચાલ્યા આવતા રિવાજોને ફોલો કરીએ છીએ. જો કે અમે કાળી ચૌદસ પર ચકલે વડાં, ઝાડુ, માટલું નથી મૂકતાં પણ બાકીના રિવાજોને ફોલો કરીએ છીએ. અમારું જોઈન્ટ ફેમિલી છે. શરદ પૂનમ પર અમે ચાંદીના સિક્કામાં ચન્દ્રનું પ્રતિબિંબ જોઈએ અને તે સિક્કાની પૂજા ધનતેરસ પર થાય. અમે દર વર્ષે ચાંદીનો સિક્કો કે 10 કે 20 રૂપિયાનો નવો સિક્કો ખરીદીએ. એ રીતે ધનમાં વધારો કરવાની માન્યતા છે. શરદપૂનમ પછીથી રોજ જ ઘરને આંગણે રંગોળી કરીએ. અગિયારસના દિવસથી ઘરના ઉંબરે દીવા મૂકવાનું શરૂ કરીએ. ધનતેરસ પર લાપસી બનાવીએ અને સોના કે ચાંદીની વસ્તુ ખરીદીએ. નવી પીછી, નવું માટલું અને પિત્તળનું વાસણ ખરીદીએ. કાળી ચૌદસને દિવસે અમે ઘઉંની સેવનો દૂધપાક બનાવીએ, વડાં બનાવીએ અને તે ખાઈએ. કાળી ચૌદસને દિવસે મેશ પાડીએ. આ મેશ આંખમાં આંજવાથી નજર નથી લાગતી અને આંખોનું તેજ વધે છે એવું માનવામાં આવે છે. કેટલાક લોકો આ રિવાજોને ફોલો નથી કરતા પણ અમે કરીએ છીએ. અમે આ રિવાજો ફોલો કરીશું તો જ ભવિષ્યમાં અમારાં બાળકો પણ આ રિવાજો ભૂલશે નહીં. આવા રિવાજોનું પાલન કરવાથી કોઈ નુકસાન તો થતું જ નથી. જો આ રિવાજો ફોલો થતાં બંધ થશે તો ધીરે ધીરે તહેવારો ઉજવવાનું બંધ થશે. પહેલાં અમારા ઘરમાં દિવાળી પર ચોપડાપૂજન થતું પણ હવે બધું જ કમ્પ્યુટરમાં સચવાય છે એટલે હવે અમારા ઘરમાં ચોપડાપૂજન નથી થતું.'' ♦

## અગિયારસથી દીવા મૂકવાની શરૂઆત કરીએ, સાથે મળીને દિવાળીના નાસ્તા અને પરંપરાગત મીઠાઈઓ બનાવીએ: ફ્રેશ્મી કપૂર



શહેરના અલથાણ વિસ્તારમાં રહેતાં 30 વર્ષીય ફ્રેશ્મી કપૂર પ્રોફેશનલ ગરબા ટ્રેનર છે. તેમણે જણાવ્યું કે, ''અમે અગિયારસથી દિવાળીના તહેવારની શરૂઆત કરીએ. નવા વર્ષની શરૂઆત થાય એ પહેલાં અગિયારસ શુભ મનાય એટલે ત્યારથી દીવા મૂકવાની શરૂઆત કરીએ. વાઘ બારસના દિવસે સાથિયા પૂરીએ અને ગાયોને ઘાસ ખવડાવી તેમની પૂજા કરીએ. ધનતેરસ પર તરભાણું, લોટી એવાં વાસણ ખરીદીએ. આ ઉપરાંત સોના-ચાંદીની વસ્તુ ખરીદી કરી ઘરના મંદિર પાસે મૂકી ધનની પૂજા કરીએ. ધનતેરસ પર ધન ધોવાની પ્રથા હજી પણ અમે નિભાવીએ છીએ. જો કે મારા સાસરીમાં કાળી ચૌદસને દિવસે વડાં અને પાણીનું માટલું ઘરની બહાર ચાર રસ્તા પર મૂકવાનું નથી કરતા. મારા સાસરીમાં વડાં અને પુરી આ દિવસે બનાવીએ પણ તે ખાવા માટે હોય. અમારા ઘરે મારી નણંદ અને તેમનો પરિવાર દિવાળી કરવા આવે અને અમે સાથે ભેગા મળીને દિવાળીના નાસ્તા અને પરંપરાગત મીઠાઈઓ બનાવીએ. દીવા સાથે પ્રગટાવીએ, દિવાળીના દિવસે મારા પિયરના પણ આવે એટલે દિવાળીની અને ઘરની રોનક વધી જાય. હું માનું છું કે અમુક રીતિરિવાજ પાળવા જોઈએ કેમ કે તે પરિવારના સ્વજનોને એક તાંતણે બાંધી રાખે છે. સ્વજનો સાથેનું બૉન્ડિંગ આવા સમયે જ વધતું હોય છે.'' ♦

## અમારા ઘરે અગિયારસથી દિવાળીના નાસ્તા બનવા લાગે: ભાવિન પંડિત





ઉધના મગદલ્લા વિસ્તારમાં રહેતાં 35 વર્ષીય ભાવિન પંડિત લુમ્સના કારખાનાનું સંચાલન કરે છે. તેમણે જણાવ્યું કે, ''અમે ધનતેરસના દિવસે ધન ધોવાનો, ધનની પૂજા કરવાનો રિવાજ જાળવી રાખ્યો છે. જો કે કાળી ચૌદસ પર ચાર રસ્તા પર જૂનું ઝાડુ, જૂનું માટલું, વડાં મૂકવાં તે અમે નથી માનતા. હું તેને અંધશ્રદ્ધા ગણું છું. અમારા ઘરમાં અગિયારસથી દિવાળીના નાસ્તા બનવાની શરૂઆત થઈ જાય. વાઘબારસ પર સાથિયા પૂરવામાં આવે છે. ધનતેરસ પર ચાંદીના સિક્કા ખરીદીએ એનાથી ધનની વૃદ્ધિ થાય એવું માનીએ છીએ. બેંકમાંથી નવી નોટોના બંડલ મેળવી તેની પૂજા કરીએ. દિવાળી પર વડાં અને છાશનું ભોજન લેવાનો રિવાજ અમારે ત્યાં વર્ષોથી છે. આ દિવસે મારા બે કાકાનો પરિવાર, અમારો પરિવાર બધાં ભેગા મળીને ચોપડાપૂજન કરીએ. શ્રી ગણેશાય નમઃ, શ્રી શારદાય નમઃ એવું ચોપડામાં લખાય અને કંકુ સ્વસ્તિક કરી ચોપડાપૂજન થાય. આ દિવસે ફોઈઓનો પરિવાર, મારી બહેનોનો પરિવાર ઘરે આવે પછી સાથે જમીએ. આનાથી પરિવારમાં એકતાની ભાવના મજબૂત બને છે એટલે રિવાજોને ફોલો કરવા જોઈએ એવું હું માનું છું.'' ♦

## ગૌ માતાની પૂજા કરીએ, વડાંપૂરી દ્વારા ઘરની નેગેટિવિટી બહાર કાઢીએ: રુચિ દવે



શહેરના અડાજણ વિસ્તારમાં રહેતાં 32 વર્ષીય રુચિ દવેની પોતાની મેડિકલ એજન્સી છે. તેમણે જણાવ્યું કે, ''દિવાળીને લઈને ઘણી પ્રથાઓ છે જે અમુક લોકો ફોલો કરે છે, તો અમુક લોકો નથી કરતા. અમારા ઘરની વાત કરું તો અમે ધનતેરસ પર ચાંદીનો સિક્કો પણ ખરીદીએ અને વાસણ તથા ઝાડુ પણ ખરીદીએ. કાળી ચૌદસના દિવસે ઘરનો કકળાટ અને નેગેટિવિટી દૂર કરવાની પ્રથા પણ ફોલો કરીએ છીએ. તેમણે વિસ્તૃતમાં જણાવ્યું કે વાઘ બારસના દિવસે અમે ગૌ માતાની પૂજા કરીએ છીએ. ત્યારે ગાયને ઘઉંની ઘૂઘરી ખવડાવીએ. અમે જ્યાં રહીએ છીએ ત્યાં સરિતા સાગર સંકુલ પાસે ગૌશાળા છે ત્યાં જઈને ગૌમાતાની પૂજા કરીએ. આગિયારસથી જ દીવા કરવાની પ્રથાને ફોલો કરીએ છીએ. અગિયારસથી લઈને લાભ પાંચમ સુધી અને દેવદિવાળીને દિવસે ઘરની બહાર દીવા કરાતા હોય છે. આ દિવસે ઝાડુ, વાસણ અને ચાંદીનો એક સિક્કો કે પાત્ર ખરીદવાનું અમે હજી પણ ચાલુ રાખ્યું છે. ઝાડુમાં પણ લક્ષ્મીનો વાસ હોય એવી માન્યતાને કારણે આ દિવસે ઝાડુ પણ ખરીદવામાં આવે છે. અમે એવું માનીએ છીએ કે આ દિવસે લક્ષ્મી માતા આપણા ઘરે આવતાં હોય છે. કાળી ચૌદસના દિવસે ઘરમાં વડાં અને પૂરી બનાવાય છે. તે પાણીના ઘડા સાથે બહાર લઈ જઈને ચાર રસ્તે મૂકીએ. એવી માન્યતા છે કે વડાં અને પૂરી દ્વારા ઘરનો કકળાટ અને ઘરની નેગેટિવિટીને ઘરની બહાર લઈ જવાય છે. આ પ્રથા અમુક લોકો માને છે તો અમુક લોકો નથી માનતા પણ આવું કરવા પાછળનું લોજીક છે કે આ રીતે ઘરની નેગેટિવિટીને ઘરની બહાર કરાય છે. દિવાળી અને બેસતા વર્ષને દિવસે કોરા કપડાં પહેરીએ અને લક્ષ્મી માતાના મંદિરે જવાનો રિવાજ પૂરો કરતા હોઈએ છીએ. ધનતેરસ પર ઘરમાં ગોલ્ડની પૂજા વખતે નાની, માસી, મામા બધાં ભેગાં થતાં હોઈએ અને ફેસ્ટિવલને એન્જોય કરીએ છીએ. આવા રિવાજોને કારણે ઘરના બધા ભેગા થતાં હોય તો આવા રિવાજોનું પાલન કરવામાં કશું જ ખોટું નથી.'' ♦

## ભાઈબીજના દિવસે બહેન તેના ઘરે રંગોળી નહીં કરે: વિશાલ સોની



સોનીફળિયા વિસ્તારમાં રહેતાં 34 વર્ષીય વિશાલ સોની મૂર્તિ બનાવવાના વ્યવસાય સાથે સંકળાયેલા છે. તેમણે જણાવ્યું કે, ''ધન એટલે કે સિક્કા. અમે દર વર્ષે ધનતેરસ પર સવા રૂપિયો પૂર્વજોના ધનમાં એડ કરીએ. ચાંદીનો સિક્કો અને સોનાની ગીની આ દિવસે યથાશક્તિ ખરીદી શકાય તો ખરીદી કુબેર અને ધનની પૂજા કરાય. અમારા ઘરમાં સેવનના લાકડાનો ગલ્લો છે તેમાં સિક્કા રૂપી ધન રાખવામાં આવે છે. કાળી ચૌદસના દિવસે હું જાતે મેશ પાડું છું. એવું કહેવાય છે આ મેશ આંખમાં આંજવાથી બૂરી નજર નથી લાગતી. કહેવત છે કે 'કાળી ચૌદસના આંજીયા, ના જાય કોઈના ગાંજયા'. એનો અર્થ થાય કે કાળી ચૌદસના દિવસે આંખમાં મેશ આંજવાથી કોઈની બૂરી નજર નથી લાગતી. આ જ દિવસે લોખંડની પેણીમાં વડાં તળાય છે. લોખંડ કાટ છોડે એટલે તે કાટ વડાંમાં જાય. આ વડાં ચાર રસ્તે મુકાય એટલે વડાં થકી ઘરનો કકળાટ ઘરની બહાર જાય અને ઘરમાં શાંતિ બનેલી રહે. દિવાળી પર ઘઉંની સેવમાં ખાંડ અને ઘી નાખી કરી તે સેવ ખાવાનો રિવાજ છે. દિવાળી પર હવે કમ્પ્યુટરની અને પ્રિન્ટરના કાગળના રિમની પૂજા કરાય છે. એક બીજી નવી પ્રથા એ આવી છે કે હવે ધનતેરસ પર ઝાડુ ખરીદાય છે કારણ કે એવું માનવામાં આવે છે કે તેમાં લક્ષ્મીનો વાસ હોય છે. નવા વર્ષને દિવસે વહેલી સવારે સબરસ લેવાતું હોય. સબરસ એટલે મીઠાના ગાંગડા. 5 કે 10 રૂપિયા આપી આ સબરસ ખરીદાતું હોય છે. સબરસ વેચનાર તે મીઠું વાટકીમાં આપે. આ વાટકી ઉંબરે મુકાય છે. સબરસ ખરીદી મુહૂર્ત કરવાની પરંપરા છે. ભાઈબીજના દિવસે ભાઈ બહેનના ઘરે જમવા જાય. બહેન ભાઈ માટે રસોઈ કરવામાં બિઝી હોય એટલે રંગોળી નથી કરી શકતી અને તેમાં બીજી માન્યતા એ જોડાઈ છે કે, રંગોળીમાં રેખા કરાતી હોય. જો રેખા આ દિવસે કરાય તો એનો અર્થ એ થાય કે બહેનના ઘરનો દરવાજો ભાઈ માટે કાયમ માટે બંધ થયો.'' ♦

**વર્ષો પહેલાં ઘણા રીતરિવાજો સાથે પાંચ દિવસના દિવાળી ફેસ્ટિવલને એન્જોય કરાતો. ઘણા રીતરિવાજો આજના સમયમાં બંધબેસતા નહીં હોવાથી ધીરે ધીરે તે ભુલાઈ રહ્યા છે. જેમ કે પહેલાં ચોપડાપૂજન અચૂક કરાતું પણ હવે કમ્પ્યુટર સાર્વત્રિક છવાયું હોવાથી ચોપડાપૂજન ઓછું થવા લાગ્યું છે. જો કે સુરતના આજના લોકો પણ ગમે તેટલા આધુનિક વિચારસરણીને વરેલા હોય તેઓ પોતાના રીતરિવાજોને ફોલો કરવામાં માને જ છે. ભલે બધા જ રીતરિવાજોનું અનુસરણ ના થતું હોય પણ તમામ રીતરિવાજોને નેવે મૂકી નથી દેવાયા. સુરતી લોકોની આ જ તો ઓળખાણ છે કે તેઓ આધુનિકતા સાથે જૂના રિવાજોને જોડીને ફેસ્ટિવલ્સને પોતાની રીતે ઉજવવાની ખરી મજા લેતાં હોય છે.**

## કાળી ચૌદસને દિવસે મેશ પાડી આંખમાં આંજીએ જેથી આંખોનું તેજ વધે: નિમિષાબેન કોઠીવાલા



સલાબતપુરા વિસ્તારમાં રહેતાં 42 વર્ષીય નિમિષાબેન કોઠીવાલા ટ્યુશન કલાસમાં હેલ્પર ટીચર છે. તેમણે જણાવ્યું કે, ''અમે કાળી ચૌદસના દિવસે મહાકાળી માતા અને હનુમાન દાદાની પૂજા કરીએ જેનાથી શક્તિ મળે. અમે તો વર્ષોથી દિવાળીને લગતી બધી પરંપરા, રિવાજો પાળીએ. જો કે કાળી ચૌદસના દિવસે ચાર રસ્તા પર વડાં નહીં મૂકીએ એનાથી તો અન્નનો બગાડ થાય. અમે એવું માનીએ કે ધનતેરસ પર સોનું, ચાંદી, નવા સિક્કા ખરીદવાથી ધનમાં 13 ગણી વૃદ્ધિ થાય છે. આ દિવસે ધન ધોવાય છે. આ વર્ષે જે નવો સિક્કો બહાર પડ્યો હોય તે જૂના ધનમાં એડ કરાય પછી તેની પર કંકુ, અબીલ, ગુલાલ, સિંદૂર, ફૂલ મૂકી પૂજા કરાય છે. આ દિવસે લાપસી પણ બનાવીએ. કાળી ચૌદસના દિવસે દિવેલની મેશ પાડીએ અને તેને ઘરના બધા સભ્યો આંખમાં આંજે. મેશ આંજવાની પ્રથા એટલા માટે છે કે એનાથી બૂરી નજરથી બચાવ થાય છે અને આંખોનું તેજ વધે છે. દિવાળીના દિવસે ઘઉંની સેવનો દૂધપાક બનાવવાનો રિવાજ હજી પણ જાળવી રાખ્યો છે. મારા પિયરમાં કારખાનામાં દિવાળીના દિવસે દીવા મૂકવા જતાં એ રિવાજ હજી પણ મારા પિયરમાં જળવાયો છે. બેન, ભાણેજને ઘરે જમવા બોલાવીએ. આ બધા રીતરિવાજોને કારણે ઘરના બધા ભેગા થતાં હોય અને ઉત્સવનો આનંદ લેતાં હોય.'' ♦